વિષય: [illegible]

## PART : A

* M.C.Q

| | | | |
|---|---|---|---|
| (1) B | (11) A | (21) B | (31) A |
| (2) A | (12) C | (22) A | (32) C |
| (3) C | (13) B | (23) C | (33) A |
| (4) B | (14) A | (24) B | (34) B |
| (5) B | (15) C | (25) A | (35) A |
| (6) A | (16) B | (26) C | (36) A |
| (7) C | (17) A | (27) B | (37) B |
| (8) B | (18) C | (28) A | (38) C |
| (9) A | (19) A | (29) C | (39) A |
| (10) C | (20) C | (30) B | (40) C |

## PART : B

પ્રશ્ન-1 કારણો લખો. (ગમે તે બે) દરેકના ૩ ગુણ (06)

પ્ર.1 સોલંકી રાજા અજયપાળ અવસાન પામ્યા ત્યારે તેમનો પુત્ર નાનો હતો. તેથી વિધવા રાણી નાયકીદેવી રાજ્યનો વહીવટ સંભાળતાં હતાં. ઈ.સ. 1178માં શાહબુદ્દીન ઘોરીએ કચ્છના રણના માર્ગે ગુજરાત પર આક્રમણ કર્યું. આ સમયે નાયકીદેવીએ બાળ રાજાને ખોળામાં રાખીને ગુજરાતના સૈન્યનું નેતૃત્વ સંભાળ્યું. શાહબુદ્દીન ઘોરીની સેનાનો સામનો કર્યો અને તેને પરાજય આપ્યો. આમ, સ્ત્રી હોવા છતાં ભારે શૌર્ય દાખવીને દુશ્મનની સેનાને પરાસ્ત કરનાર નાયકીદેવી એક વીરાંગના હતી.

પ્ર.2 શાહજહાંના શાસન દરમિયાન રાજ્યમાં શાંતિ હતી. ખેતીવાડી અને વેપાર-ઉદ્યોગનો વિકાસ થયો હતો. પરદેશ સાથેનો નિકાસ વેપાર વધ્યો હતો. પરિણામે રાજ્યની તિજોરી નાણાંથી છલકાઈ ગઈ હતી. આ ઉપરાંત, શાહજહાંને તેમના દાદા અને પિતા તરફથી પણ પુષ્કળ ધન મળ્યું હતું. શાહજહાંએ આ ધનનો ઉપયોગ ભવ્ય બાંધકામો કરવામાં કર્યો.

પ્ર.3 શેરશાહે તેમના પાંચ વર્ષના શાસનકાળ દરમ્યાન અનેક સુધારા કર્યા હતા.
→ તેણે જમીનની માપણી અને ઉપજની સરાસરી ઉપરથી, જમીન-મહેસૂલના દરનો કોઠો ટોડરમલની મદદથી તૈયાર કર્યો.
→ રાજ્યમાં સરળતાથી માલની હેરફેર થઈ શકે એ માટે ઠેર-ઠેર જકાતનાકાઓ કાઢી નાખ્યા હતા.
→ વેપારને વધુ વેગ મળે અને રાહદારીઓની સુવિધા માટે મોટા રાહદારી રસ્તાઓ બનાવવામાં આવ્યા હતા. જેમાં (1) આગ્રાથી બુરહાનપુર

→ તેણે ટંકશાળાઓ સ્થાપીને આંકોમાં એકસરખા નિયમ પડાવ્યા હતા. (2)
→ તેણે યુદ્ધ કરતી વખતે લશ્કરને ગામલોકોને રંજાડવાની અને પાકને નુકસાન કરવાની સખત મનાઈ ફરમાવી હતી.
→ તેણે ગુનેગારોને પકડી લાવવાની જવાબદારી કોટવાળના માથા પર નાખી હતી.

પ્રશ્ન-2 (અ) બે-ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગમે તે બે) (0

ઉ.1 એ શોભાયાત્રામાં ગ્રંથના રચયિતા હેમચંદ્રાચાર્ય અને રાજા સિદ્ધરાજ જયસિંહ બંને પગપાળા ચાલતા હતા. એ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથ શોભાયાત્રાની વિશેષતા હતી.

ઉ.2 પાલીતાણા જૈનોનું મહાતીર્થ છે. તે ભાવનગરથી આશરે 60 કિ.મી. દૂર શત્રુંજય પર્વત પર આવેલું છે.

ઉ.3 વલ્લભાચાર્યે ભારતમાં રામેશ્વરથી હરદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરીનાં તીર્થોમાં ત્રણ વાર પ્રવાસ કરીને પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો હતો.

(બ) ટૂંકનોંધ (ગમે તે એક) (03

(1) સૂર્યમંદિર

→ મહેસાણા જિલ્લામાં આવેલુ મોઢેરા એના સૂર્યમંદિર માટે ભારત-વિખ્યાત છે. ઈતિહાસ તેમજ શિલ્પસ્થાપત્યના જિજ્ઞાસુઓ માટે આ મહત્વનું કેન્દ્ર બની રહ્યુ છે.

મોઢેરાનું સૂર્યમંદિર ભારતમાં કુલ તેમજ મહત્વનાં સૂર્યમંદિરોમાંનુ એક છે. લગભગ કર્કવૃત પર આવેલુ આ સૂર્યમંદિર પૂર્વ ભારતના કોણાર્કના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે. ઈ.સ. 1026-27ના અરસામાં ભીમદેવ પહેલાના સમયમાં બંધાયેલુ મોઢેરાનું સૂર્યમંદિર શિલ્પ તેમજ સ્થાપત્યકલાની દૃષ્ટિએ અદ્ભુત છે. ઊંચા ઓટલા પર આવેલું આ મંદિરનું ગર્ભગૃહ, અંતરાલ અને સભામંડપ એમ ત્રણ અંગો ધરાવે છે. મંદિરની છતને આઠ થાંભલાઓનો આધાર આપવામાં આવ્યો છે. આ થાંભલાઓ અષ્ટકોણ આકારના છે અને તેના પર સુંદર કોતરણી છે. મંદિરની બહારની દિવાલ પર અદ્ભુત શિલ્પકૃતિઓ કંડારેલ છે. આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યના કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે. આ સ્થાપત્ય ભારતનાં શ્રેષ્ઠ સ્થાપત્યોની હરોળમાં યશસ્વી બેઠક લઈ શકે તેવુ ગૌરવપ્રદ છે. મંદિરના પરિસરમાં પુષ્કરનાં

(2) અકબર

→ અકબરની ઉંમર 13 વર્ષની હતી ત્યારે પિતા હુમાયુનું અવસાન થયું.

→ અકબર કિશોરાવસ્થામાં હુમાયુના વફાદાર સરદાર બહેરામખાને રક્ષક તરીકે તેનો ઉછેર કર્યો. અને તેમા વતી રાજ્યવ્યવસ્થા સંભાળી.

→ અકબર પંજાબમાં હતો ત્યારે દિલ્હી ઉપર સિકંદર સૂરના સરદાર હેમુએ દિલ્હી ઉપર સત્તા સ્થાપી આથી બહેરામખાનની હિંમતથી અકબરે પાણીપતના મેદાનમાં હેમુને હાર આપી.

→ બહેરામખાન વધારે પ્રમાણમાં સ્વતંત્ર થતા અકબરે તેની સત્તા પાછી ખેંચી, તેને હજ માટે મોકલ્યો ત્યાં રસ્તામાં તેનું ખૂન થયું.

→ અકબરે રાણા પ્રતાપની સામેની લડાઈમાં ચિતોડ અને રણથંભોર મેળવ્યા. બંને વચ્ચે વારંવાર લડાઈઓ થતી.

→ ઈ.સ. 1585 થી 1605 દરમિયાન અકબરના સામ્રાજ્યનો વિસ્તાર થયો. જેમા તેણે કંદહાર, કાશ્મીર, કાબુલ જેવા રાજ્યો પોતાના સામ્રાજ્યમાં જોડી દીધા. દક્ષિણમાં ખાનદેશ, અહમદનગર જેવા પ્રદેશ ઉપર પણ સત્તા સ્થાપી હતી.

પ્રશ્ન-3 (અ) બે-ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ચાર) (12)

જ.1 પહાડ કે ઉચ્ચપ્રદેશ પરથી વહેતી નદીઓના માર્ગમાં ઊંચા સીધા ઢોળાવો આવતા નદીનો પ્રવાહ ખૂબ ઊંચાઈએથી વેગ સાથે નીચે પછડાય છે. આ કારણે જળધોધ રચાય છે.

જ.2 જે ઉદ્યોગોમાં લોકો પોતાના ઘરમાં હાથેથી વસ્તુઓ બનાવે. જેમા મૂડીરોકાણ ઓછુ હોય તેને કુટીરઉદ્યોગ કહેવામાં આવે છે. અગરબત્તી, પાપડ, ફર્નિચર, રમકડાં વગેરે...

જ.3 તે પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતુ છે. તે પૃથ્વી પરનુ સ્વર્ગ ગણાય છે. અહીના ઊંચા શિખરો પર પથરાયેલા ગિરિમથકો, સરોવરો, બગીચાઓ કેસરના ખેતરો, લાકડા પરનું કોતરકામ, કાપડ પરનું ભરતકામ તેમજ ગાલીચા વખણાય છે.

જ.4 પશ્ચિમ ભારતના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલા શાકભાજી, દૂધ-ઘી, દહીં, છાશ માખણ વગેરેનો ઉપયોગ કરે છે. દરિયાકાંઠે લોકોના ખોરાકમાં માછલી ઈંડા અને કોપરાનો સમાવેશ થાય છે. અહીંના લોકો મસાલેદાર વાનગીઓ, [illegible]

(બ)* ટૂંકનોંધ લખો (ગમે તે એક) (03)

(1) ભારતના અભયારણ્યો

~ કર્ણાટક, કેરળ, આસામમાં મહાકાય હાથી જોવા મળે છે. ભારતમાં તે સૌથી મોટું સસ્તન પ્રાણી છે. જંગલોમાં લાકડાં ખસેડવા, માલસામાન હેરફેર કરવામાં તેનો ઉપયોગ થાય છે.

~ એકશિંગી ગેંડો ભારતનું વિશિષ્ટ પ્રાણી છે. તે આસામ અને પશ્ચિમ બંગાળના દલદલના ક્ષેત્રોમાં વસે છે.

~ કચ્છના નાના રણમાં ઘુડખર (જંગલી ગધેડા) અને મહામરુસ્થળના રાજપ્રદેશમાં ઊંટ જોવા મળે છે.

~ ભારતમાં સિંહ તથા વાઘ બન્ને જોવા મળે છે. હિંસક પ્રાણીઓમાં એશિયાઈ સિંહ ગુજરાત રાજ્યમાં ગીરના જંગલોમાં વસે છે.

~ પશ્ચિમબંગાળનો વાઘ એ વિશ્વની વાઘની આઠ જાતિઓમાંથી એક છે. વાઘ મધ્યપ્રદેશ, પશ્ચિમબંગાળ, ઉત્તરાખંડ અને હિમાલય વિસ્તારમાં જોવા મળે છે.

~ હિમાલય વિસ્તારમાં તિબેટિયન રીંછ અને ગુજરાતનાં ડેડિયાપાડાનાં જંગલોમાં રીંછ જોવા મળે છે.

~ દીપડા, હરણ, નીલગાય, વરુ, ચારશિંગા, મૃગ વગેરે જેવા પ્રાણીઓ ભારતમાં જોવા મળે છે.

~ ભારતમાં પક્ષીઓની વિવિધતા અજોડ છે. બતક, બગ, પોપટ, કાબર, કબૂતર, મેના વગેરે જાતિનાં પક્ષીઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળે છે.

(2) પૂર્વ ભારતનું લોકજીવન

~ અહીંના મોટા ભાગના લોકો ગામડાંમાં રહે છે. પૂર્વના તમામ પ્રદેશો પહાડી પ્રદેશમાં આવેલા છે. પર્વતોના ઢોળાવો પર ચાની ખેતી કરે છે. તેમનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે. તે ઉપરાંત ઈંડાં, લીલાં શાકભાજીનો પણ સમાવેશ થાય છે. બંગાળનાં રસગુલ્લાં પ્રખ્યાત છે.

~ આ પ્રદેશમાં સુતરાઉ કાપડના વસ્ત્રો વધુ પ્રમાણમાં રહે છે. વધુ વરસાદમાં તેઓ થોડાં ઊંચા કપડાં પહેરે છે. લોકો ઘૂમાં સોઈ નીચા હોય છે. પુરુષો ધોતી, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ તેમની વિશિષ્ટ ઢબે સાડી પહેરે છે.

~ આ પ્રદેશમાં ઘરો લાકડાં અને વાંસના વધુ પ્રમાણમાં જોવા મળે છે. ઇમારતો અને સિમેન્ટનાં પણ હોય છે. અહીંના આદિવાસી છૂટાં છવાયાં ઝૂંપડાંમાં રહે છે. વરસાદ વધુ હોવાથી ઘરના છાપરાં વધુ ઢાળવાળાં હોય છે.

~ અહીંના લોકો પોતાની પ્રાદેશિક બોલી બોલે છે. અહીં આસામિયા, બંગાળી, ઉડિયા જેવી ભાષાઓ બોલાય છે. હિન્દી અને અંગ્રેજી બોલનારા પણ છૂટક-છૂટક જોવા મળે છે.

~ અહીંના તહેવારો, ઉત્સવો અને રાસ આસામનું બિહુ અને રાજ્યમાં

પ્રશ્ન-૫ નીચેના વાક્યમાં જવાબ લખો. (ગમેતે પાંચ) (10)

ઉ.1 આપણા દેશમાં તાલુકા અદાલત, જીલ્લા અદાલત, વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતો આવેલી છે.

ઉ.2 ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે અપહરણ સંબંધી વિવાદો ફોજદારી અદાલત ઉકેલે છે.

ઉ.3 અદાલતોમાં સૌથી નીચલી અદાલત તાલુકા અદાલત છે. તેને ટ્રાયલકોર્ટ પણ કહેવામાં આવે છે.

ઉ.4 ખરીદેલી વસ્તુ વજનમાં કે માપમાં ઓછી હોય વસ્તુ ઓછી ગુણવત્તાવાળી હોય ખરીદેલી વસ્તુ ભેળસેળ વાળી હોય વેપારીએ વસ્તુની વાજબી કિંમત કરતા વધુ નાણા લીધા હોય. પેક કરેલી વસ્તુ ખોલતાં. એક્સપાયરી, સડેલી કે ઓછી નીકળે. શુદ્ધ અને પ્રમાણિત દવાઓને બદલે નકલી દવાઓ મળે.

ઉ.5 આપણા દેશમાં માલની ગુણવત્તા પ્રમાણિત કરવા માટે આ માર્કો લગાડવામાં આવે છે. ખેતપેદાશોથી તૈયાર થતી ચીજવસ્તુઓ પર 'એગમાર્ક' ઘર વપરાશની ઉપયોગી ચીજવસ્તુઓ પર આઈ.એસ.આઈ. ઊનની બનાવટો અને ગરમ વસ્ત્રો પર વુલમાર્ક અને સોનાચાંદીની બનાવટો પર 'હોલમાર્ક'

ઉ.6 હું નીચે દર્શાવેલી સુવિધાઓનો ઉપયોગ કરું છું.
(1) શાળા (2) રેલવે-સ્ટેશન (3) બસ-સ્ટેશન (4) ટપાલકચેરી
(5) જાહેર આરોગ્ય કેન્દ્ર (6) પુસ્તકાલય (7) રસ્તા (8) પાણીનો નળ
(9) બગીચો (10) ક્રીડાંગણ વગેરે

ચાર મુકેશભાઈ એમ
(કસ્તુરબા કન્યા વિદ્યાલય)
(પ્રાથમિક વિભાગ)
આણંદ